## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ આસન કરવાથી ફળદ્રુપતા વધે છે માટે આપણા દેશવાસીઓએ આ એક આસન ન કરવુ...!!

# મોબાઈલ ઝુંટવી જનાર ટોળકીનો સભ્ય ૪૪ મોબાઈલ સાથે ઝડપાયો

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરી વિસ્તારમાં માર્ગ પર એકલા જતા રાહદારીઓના હાથમાંથી મોબાઈલ ફોન ઝુંટવીને બાઈક પર નાસી જતી ટોળકીના એક સભ્યને એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી વિવિધ કંપનીના ૪૦ મોબાઈલ ફોન અને બાઈક મળી કુલ રૂ.૨.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર અને કલોલ, છત્રાલ,

ખાત્રજ, સાંતેજ, કડી સહિત આસપાસના શહેરોમાં નાગરીકોના હાથમાંથી મોબાઈલ લુંટી ફરાર થઈ જનાર ગેંગે હાહાકાર મચાવ્યો હતો. ત્યારે પોલીસ આ ટોળકીને પકડવા માટે પણ કાર્યરત હતી.તે દરમિયાન એલસીબી પીએસઆઈ એ.જી.એનુરકારની ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે રસ્તે આવતા જતા લોકોની નજર ચુકવી મોબાઈલ ફોન ઝુંટવીને ફરાર થઈ જનાર એક શખ્સ સંજય ઉર્ફે ફલ્લો રાજુભાઈ પટ્ટણી (ઉં.૨૩ રહે મોટા તલાવની સામે છાપરા સરકારી દવાખાનાની સામે કડી) ને બજાજ પલ્સર બાઈક સાથે કલોલના અંબિકા બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસે રહેલી થેલીમાંથી વિવિધ કંપનીના ૪૪ મોબાઈલ ફોન કબ્જે કર્યા હતા. પોલીસે પુછપરછ કરતા સંજય પટ્ટણીએ કબુલાત કરી હતી કે આજ થી છ એક માસ પહેલા તેના કડી ખાતે રહેતા અન્ય સાગરીતો વિશાલ ગલાજી ઠાકોર, શૈલેશ વાજા અને શાહરૂખ કલાલ સાથે મળી બાઈક પર કલોલ, ખાત્રજ, સાંતેજ, છત્રાલ, અમદાવાદ સહિત કડી ખાતેથી મોબાઈલ ફોન ચાલતા જતા નાગરીકોના ફોન હાથમાંથી લુંટી લઈ ફરાર થઈ ગયા હતા. આરોપી પાસેથી મળી આવેલા ૪૪ ફોન પૈકી એક મોબાઈલ ફોન ચોરીનો કલોલ શહેરમાં ગુનો નોંધાયો છે. જયારે આરોપીએ પંદર દિવસ પહેલા પણ મિત્ર વિશાલ ઠાકોર સાથે આવી એક છોકરાના હાથમાંથી મોબાઈલ લુંટી લીધો હતો. જયારે આરોપી દ્વારા અમદાવાદમાં ગુજરી બજારમાં ૪૪ ફોન વેચી મારવાની હિલચાલ હતી. જયારે સંજયના મિત્રો શૈલેષ વાજા સુરત અને શાહરુખ કલાક અમદાવાદમાં જેલમાં છે.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેરમાં આજે રજાનો માહોલ હોવાથી લોકોએ ઘરમાં રહીને આઈપીએલની મેચ નિહાળવાનું વધુ પસંદ કર્યુ હતુ.

●ગાંધીનગર શહેરની સીટીબસની સેવાઓ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં શરૂ કરવાની માંગ તીવ્ર બની રહી છે.

●મેટ્રોરેલના ચાલી રહેલ કામને લઈ શહેરના મુખ્ય માર્ગો પર અંધારપટ જોવા મળી રહ્યો છે.

●વેટરનરી ડે ની આજે ફોરેન્સીક સાયન્સ યુનિ. ખાતે ઉજવણી થશે.

●સિનીયર સીટીઝન ક્લબ ગાંધીનગર બર્થ ડે ગ્રૂપ દ્વારા વડીલોનો ૧૯મો સમૂહ જન્મદિવસ ઉજવાયો.

●કલોલમાં સામાન્ય બાબતે ઝઘડો થતાં બન્ને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી.

●કલોલમાં સામાન્ય બાબતે દંપતી પર શખ્સો હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી.

●કલોલમાં વધુ એક એક્ટીવા ચોરીની ઘટના નોંધાઈ છે.

●પેથાપુર ચોકડી નજીક અજાણ્યા ટ્રકચાલકે ટ્રેક્ટરને ટક્કર મારતાં એક વ્યક્તી ઈજાગ્રસ્ત થયો.

●કલોલના બોળા ગામે બે શખ્સોએ યુવાનને સામાન્ય બાબતે ગાળો બોલી ગદડાપાટુનો માર માર્યો.

●ગાંધીનગરના રાયપુર ગામે સીમમાંથી ત્રણ ભેંસોની ચોરી થતાં હડકંપ મચી જવા પામ્યો છે.

●લાયન્સ ક્લબ ઓફ ઈન્ડિયા-અમદાવાદ શાખાના સભ્યોની એક બેઠક આજે ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે મળી હતી.

●જિલ્લામાં આજે યોજાનાર ટેટ-ટુ ની પરીક્ષાની તૈયારીઓ પુરી કરી દેવામાં આવી છે.

●ગાંધીનગર જિલ્લા ફૂટબોલ એસોસીએશન દ્વારા આયોજીત સ્વ. ગુલાબ ચૌહાણ જિલ્લા લીગ ૨૦૨૨-૨૩ની ફાઈનલ મેચ આજે યોજાશે.

●નિસર્ગ સેન્ટર દ્વારા વિજ્ઞાન સંગ વર્કશોપનું મે ના બીજા સપ્તાહમાં આયોજન કરાશે.

●ગાંધીનગર કોર્ટના અદ્યતન મકાનનું આજે ભૂમિપૂજન યોજાયુ છે.

●સે. ૨૭માં આનંદનગર સોસાયટીમાં પાણીની પાઈપલાઈન તુટતાં પાણીનો બગાડ થઈ રહ્યો છે તેમજ પાણી પણ આવતુ નથી. ગટરલાઈન નાખવામાં પાઈપલાઈનને નુકશાન થયાનું રહીશોએ જણાવ્યુ છે.

●ગાંધીનગર શહેરમાં ટેટી અને તડબુચના વેચાણની ઘરાકી જામી છે.

●આજે અક્ષય તૃતિયાના દિવસે શહેરના વિવિધ બજારોમાં સવારે થોડીક ભીડ જોવા મળી હતી.

# આંતરરાજ્ય ક્રિકેટ સટ્ટાના રેકેટનો પર્દાફાશ : ૧૭ સટ્ટોડીયા ઝડપાયા

**રાંદેસણના મારૂતિ મેગ્નમ ફ્લેટ નં.એ ૫૦૧ માંથી સટ્ટા રેકેટ એલસીબી-૧ પોલીસે ઝડપી પાડ્યું, પોલીસે ૪ લેપટોપ, ૫૦ મોબાઈલ ફોન, સીમકાર્ડ સહિત લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો, ક્રિકેટ સટ્ટાના વેપારના સોદાઓનો આંકડો કરોડોને પાર જઈ શકે છે, રેકેટના તાર દુબઈ સુધી સંકળાયેલ હોવાનું પ્રાથમિક તપાસમાં જણાઈ આવ્યું છે.**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના પોશ વિસ્તાર રાંદેસણના મારૂતિ મેગ્નમ સોસાયટીના ફ્લેટ નં. એ.૫૦૧ માં દરોડો પાડી આંતરરાજ્ય ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ એલસીબી-૧ પોલીસે કર્યો છે. પોલીસે સ્થળ પરથી આંતરરાજ્ય ક્રિકેટના સટ્ટાના સોદાઓ મેળવતી ટોળકીના ૧૭ સટ્ટોડીયાની પોલીસે અટકાયત કરી છે. ગઈકાલે રાત્રે સટ્ટોડીયાઓને ઝડપી પાડ્યા બાદ પણ ગેંગનું રેકેટ મોટુ હોવાથી હજુ સુધી કાર્યવાહી ચાલુ છે. પોલીસની પ્રાથમિક પુછપરછમાં ક્રિકેટ સટ્ટાના રેકેટના તાર છેક દુબઈ સુધી અને સટ્ટાના સોદાઓનો આંકડો કરોડો રૂપીયાને પાર જઈ શકે છે. જયારે એલસીબી પોલીસે સ્થળ પરથી ચાર લેપટોપ, ૫૦ મોબાઈલ ફોન, અસંખ્ય સીમકાર્ડ, સહિત લાખો રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લઈ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ ડી.બી.વાળાના સહિતની ટીમના સભ્યોએ રાંદેસણમાં આવેલ મારૂતિ મેગ્નમ સોસાયટીના ફ્લેટ નં.એ ૫૦૧ માં દરોડો પાડી ૧૭ સટ્ટોડીયાને પકડી પાડ્યા છે. જયારે પોલીસ અંદરનો નજારો જોઈ ચોંકી ઉઠી હતી.

પોલીસે સટ્ટોડીયાના નામ પુછતા ભગીરથ હરૂરામ ચૌધરી (હાલ રહે મારૂતિ મેગ્નમ એ ૫૦૧ રાંદેસણ મુળ રહે ખોખસર કાંકોલગઢ તા.ગીડા જી બાડમેર), રમેશકુમાર હિરારામ જાટ ( મુળ રહે હારડા ભારતસિંહ તા. ગીડા જી બાડમેર રાજસ્થાન), રાજેન્દ્ર દેવારામ નાયી (મુળરહે. સોલંકીયાતલા બાપુનગર મહોલ્લા તા શેરગઢ જી જોધપુર), ધવલ ચંદ્રકાંતભાઈ પટેલ (મુળ રહે ૧૧૨૬ કડા દરવાજા વિસનગર જી મહેસાણા), સુલતાનસિંગ આનંદસિંગ રાજપુત ( મુળ રહે. ગામ દેવનગર બાલેસર તા.બાલેસર જી જોધપુર), તેજસિંહ સગતસિંહ રાજપુત (મુળ રહે-ભાલુ અનોપગઢ તા.બાલેસર જી જોધપુર), ઘમંડારામ વિષ્ણારામ જાટ (મુળ રહે ઉંડુ રાવાકી ધાણી પનાવાસ મહોલ્લો તા.શિવ જી, બાડમેર રાજસ્થાન), શ્યામકુમાર રાજમૌલી રાચરલા ( મુળ રહે રંગાસાગર તા.માંડલ વિરપુર જી.જેગતીયાલ તેલંગણા), મુરતુજા અલી મીરજા બુશેરી (મુળ રહે ૭ કોહીનુર સોસાયટી પકાલ રોડ દ્વારકા નાસીક રોડ તાજી નાસીક મહારાષ્ટ્રા),અક્ષય ઉર્ફે રાહુલ અમરનાથ સઉદે (વાલ્મીકી) (મુળ રહે ફ્લેટ નં.૪ એલ સોસાયટી નારાયણ બાપુનગર નાસીક જેલ રોડ તા.જી.નાસિક મહારાષ્ટ્રા), તેજારામ દુર્ગારામ ચૌધરી ( મુળ રહે. માધાસર તા.બાઈતુ, જી.બાડમેર રાજસ્થાન), શ્રવણસિંગ ગુલાબસિંગ રાજપુત ( ચોરડીયા તા.શેરગઢ જી.જોધપુર), વિક્રમસિંઘ નરપતસિંઘ રાજપુત (મુળ રહે. મુલસિંગનગર બાલેસર જી જોધપુર), પુખરાજ બાબુરામ જાટ (મુળ રહે. નવાતલા તા.પસપદરા,જી બાડમેર રાજસ્થાન), પ્રહલાદકુમાર પુનમારામ જાટ (મુળ રહે. રાજબેરા તા.શિવ જી. બાડમેર રાજસ્થાન), સવાઈરામ ઘમંડારામ ગેવરરામ લુહાર (ખોખસર ગામ તા.ગીડા,જી.બાડમેર રાજસ્થાન), અને ગોપાલસિંહ ઉદયસિંહ રાજપુત (મુળ રહે-ખંનોરા ગામ તા.પચપાદરા જી બાડમેર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. મારૂતિ મેગ્નમ ફ્લેટમાંથી આંતરરાજ્ય ક્રિકેટ સટ્ટાના સોદાઓ થતા હતા. આ રેકેટ પંદર દિવસથી કાર્યરત હોવાનું જાણવા મળે છે. જયારે રેકેટ એટલુ મોટુ છે કે ગઈકાલ રાતથી આજે અત્યાર સુધી પોલીસની કાર્યવાહી શરુ છે. જયારે હાલ પ્રાથમિક તપાસમાં તાર છેક દુબઈ સુધી સંકળાયેલ હોવાનું ધ્યાને આવ્યું છે.અને સટ્ટોનો આંકડો કરોડો રૂપીયાને પાર થઈ જઈ શકે છે તેની ગણતરી હાલ ચાલુ છે.

## પરશુરામ શોભાયાત્રાનું સે. ૬માં સ્વાગત

ગાંધીનગર, તા. ૨૨

ભગવાન પરશુરામના જન્મોત્સવ નિમિત્તે તા. ૨૨-૪-૨૦૨૩ને શનિવારના દિવસે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા આયોજિત ભવ્ય શોભાયાત્રામાં સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શાળામાં ચાલતા એસપીસી (સ્ટુડન્ટ પોલીસ કેડેટ)ના અને ધો. ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

શોભાયાત્રા સે. ૨૮ પ્રસ્થાન કરીને સમાપન સરગાસણ ખાતે આવેલ શ્રી નિલકંઠ મહાદેવે થયુ હતુ.

# સેકટર-૨૪ ઈન્દીરાનગરમાં યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે રહેતા યુવકે ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. જયારે ગતરોજ યુવાન તેની માતાને ફોન કરીને કેનાલમાં કુદકો મારવા જવાનું કહી ઘરે આપઘાત કરી જીવન ટુંકાવી દેતા પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ તેજ કરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૪ ઈન્દીરાનગર છાપરામાં માતા-ભાઈ સાથે રહેતો જીગ્નેશ પ્રદિપભાઈ મકવાણા (દેવીપુજક) ને ડુંગળી બટાટાનો વેપારી હતો.જયારે તેની માતા અને ભાઈ પણ ડુંગળી-બટાકાનો વેપાર કરે છે. ગતરોજ માતા અને ભાઈ ધંધા માટે બહારગામ ગયા હતા. તે સમયે જીગ્નેશ ઘરે એકલો જ હતો. ત્યારે જીગ્નેશે તેની માતાને કોલ કરીને કેનાલમાં કુદકો મારી જીવનનો અંત આણવા જતો હોવાનું કહી ફોન કટ કરી દીધો હતો. જેથી માતાએ તાત્કાલીર મોટા દિકરાને ઘરે જઈ તપાસ કરવાનું કહ્યું હતું. જો કે મોટો દિકરો ગાડીનો ફેરો મારવા માટે ગયો હતો. જેથી તેને ઘરે પહોંચતા સાંજ ઢળી ગઈ હતી. ત્યારે ઘરે પહોંચતા અંદર થી દરવાજો બંધ હાલતમાં હતો. જેથી તેના ભાઈએ જીગ્નેશનને ઘણી બુમો પાડી હતી. પરંતુ અંદરથી કોઈ જવાબ મળી રહ્યો ન હતો. ત્યારે ઘરની છત કુદીને તે અંદર પડ્યો હતો. રૂમનો દરવાજો બંધ હોવાથી તેના ભાઈએ બારી ખોલી અંદર નજર કરી તો જીગ્નેશ સાડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.જીગ્નેશનો લટકી રહેલો મૃતદેહ જોઈ તેના ભાઈ હોહા કરી મુકી હતી.જયારે દરવાજો ધક્કો મારી ખોલી દેવાયો હતો. જીગ્નેશને બેભાન અવસ્થામાં એકટીવા પર ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયારે સિવિલમાં ફરજ પરના તબિબે મૃત જાહેર કર્યો હતો. યુવકે કયાં કારણોસર આપઘાત કર્યો તેનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ધોળેશ્વર પાસે બુલેટમાં આગ ભભુકી ઉઠી

ગાંધીનગર શહેરમાં ઉનાળાની ગરમીને પગલે આગના બનાવ દિવસે ને દિવસે વધતા જાય છે. ત્યારે આજે ગાંધીનગર થી અમદાવાદ તરફ જતા માર્ગ પર બપોરના સમયે એક બુલેટમાં અચાનક આગ લાગી હતી. બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનો પહોંચી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ કરી લીધો હતો. પરંતુ આગની જવાળામાં બુલેટનો કેટલોક ભાગ બળીને સ્વાહા થઈ ગયો હતો.

# ગાંધીનગરમાં ગાંજાના રીઢા ગુનેગારને એનડીપીએસ એકટ હેઠળ જેલમાં ધકેલાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં ગાંજાનો વેપાર કરી ગુનો કરી પોલીસના હાથે ઝડપાઈ ગયા પછી પણ છુટીને ફરીવાર ગાંજાનો કારોબાર ચલાવતા કલોલના રીઢા ગુનેગાર ભરત ગાંડાભાઈ રાવળને એસઓજી દ્વારા એનડીપીએસ એકટ હેઠળ અમદાવાદની સેન્ટ્રલ જેલમાં મોકલી દેવાયો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગુજરાત રાજ્યના અધિક પોલીસ મહાનિર્દેશક, સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેજ ગાંધીનગર દ્વારા રાજયમાં નશીલા પદાર્થોની બદી સર્દતર દુર કરવા માટે અને યુવા વર્ગને નશાના રવાડે ચડતા અટકાવવા માટે નારકોટીકસ પદાર્થ, કેફી ઔષધો, મનપ્રભાવી દ્રવ્યોના ગેરકાયદેસર વેપાર અને તેમજ વહનની પ્રવૃતિ ને કાબુમાં કરવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્વયે એસઓજી પીઆઈ વી.ડી.વાળા અને આર.આર.પરમારના માર્ગદર્શન હેઠળ એનડીપીએસ એકટ ૧૯૮૮ મુજબ જિલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર પ્રવૃતિ વારંવાર આચરનાર આરોપી ભરત ગાંડાભાઈ રાવળ (રહે સુથાર વાસ કલ્યાણપુરા કલોલ) નો ગુનાહીત હીસ્ટ્રી ચેક કરાઈ હતી. જેમાં ભરત રાવળ ગેરકાયદેસર ગાંજો લાવી પોતાના ઘરે રાખીને છુટક વેચાણ કરી યુવાધનને નશાના રવાડે ચડાવતો હતો. ભરત રાવળ સામે પાંચ જેટલા ગુના નોંધાયા છે. તેમ છતા તે જામીન પર છુટીને ફરીવાર ગાંજાની પ્રવૃતિમાં રચ્ચો પચ્ચો રહે છે. તે હાલ જામીન પર છુટ્યો હોવા છતા પણ ગુનાહિત પ્રવૃતિ ફરીથી ચાલુ રાખે તેવી પુરેપુરી શક્યતા હોવાથી એસઓજી ટીમ દ્વારા એનડીપીએસ એકટ હેઠળ દરખાસ્ત તૈયાર કરી ઉચ્ચકક્ષાએ મોકલી આપી હતી. જે દરખાસ્ત મંજુર થતા જ પોલીસે અટકાયત કરી ભરત રાવળને જેલમાં મોકલી આપ્યો હતો.

# સાદરા શિક્ષણ સંકુલના હસ્તે વેગડને રાજ્યકક્ષાનો એવોર્ડ

ગાંધીનગર,તા.૨૨

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમની સ્વયમ સેવક હસ્તી વેગડને ગુજરાત સરકારનાં રાજ્યકક્ષાનાં

સ્વયંસેવક એવોર્ડ પ્રાપ્ત થયો છે. સ્વર્ણિમ સંકુલ ૧નાં તાપી ભવનમાં આયોજિત પુરુસકાર વિતરણ સમારોહમાં માનનીય રાજ્ય કક્ષાન શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાન હસ્તે શ્રી હસ્તી વેગડને રાજ્યકક્ષાનાં સ્વયંસેવક એવોર્ડ પ્રાપ્ત થયો છે. આજે શારીરિક શિક્ષા વિભાગનાં ઈતિહાસમાં હાલમાં ભળતી વિધાર્થીની તરીકે હસ્તી વેગડની સૌથી મોટી ઉપલબ્ધી છે આજ સુધી કોઈપણ વિધાર્થી બહેનને રાજ્ય કક્ષાનું એવોર્ડ પ્રાપ્ત થયું નથી હસ્તી વેગડ પ્રથમ વિધાર્થીની છે જેનાં આ ઉપલબ્ધી પ્રાપ્ત કરી છે આ સમયે શારીરિક શિક્ષણનાં કાર્યકારી ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, ગૂજરાત વિદ્યાપીઠનાં રાષ્ટ્રીય સેવા યોજનાન પ્રોગ્રામ કોર્ડીનેટર ડૉ. અરુણભાઈ ગાંધી અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ પણ ઉપસ્થિત હતા વિશેષમાં તેમની શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમને વર્ષ ૨૦૧૨-૧૩માં શ્રેષ્ઠ યુનીટનો અવોર્ડ પણ પ્રાપ્ત થયેલ છે અને યુનીટનાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટને પણ ગુજરાત રાજ્યનાં પ્રથમ રાજ્ય કક્ષાનું શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર એવોર્ડ પણ મળેલ છે એનાથી સવિશેષ તેમની યુનીટને માનનીય રાષ્ટ્રપતિ ડૉ. પ્રણવ મુખર્જીન હસ્તે રાષ્ટ્ર કક્ષાનાં શ્રેષ્ઠ યુનીટનો એવોર્ડ પણ ૨૦૧૫-૧૬માં મળેલ છે. અને પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટને માનનીય રાષ્ટ્રપતિ ડૉ. પ્રણવ મુખર્જીન હસ્તે રાષ્ટ્ર કક્ષાનાં શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ પણ મળેલ છે. હસ્તી વેગડે ગણતંત્ર દિવસની દિલ્લીમાં આયોજિત પરેડમાં ભાગ લીધેલ અને ગુજરાત રાજ્ય એન એસ એસ તરફથી પ્રથમ પંક્તિમાં પરેડ કરી શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમને બહુમાન અપાયું હતું

# વૃધ્ધનું એટીએમ બદલી નાંખી ઠગે રૂ.૧૪,૬૦૦ ઉપાડી લીધા

ગાંધીનગર, તા.૨૨

શહેરના સેકટર-૭માં રહેતા વૃધ્ધ એસબીઆઈ બેંકની મુખ્ય બ્રાંચના એટીએમમાં રૂપીયા ઉપાડવા માટે ગયા હતા. ત્યારે વૃધ્ધને મદદ બહાને એટીએમ કાર્ડ બદલી નાંખી ઠગ યુવકે રૂ.૧૪,૬૦૦ ઉપાડી લઈ છેતર પિંડી અને વિશ્વાસઘાત કરતા વૃધ્ધે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ બ્લોક નં.૬૧-૧ જ ટાઈપમાં રહેતા ૫૯ વર્ષિય કનુભાઈ નટરવરલાલ પંડ્યા સેકટર-૯ ની સુવિધા કચેરી ખાતે પ્લમ્બર તરીકે ફરજ બજાવે છે. ગતરોજ કનુભાઈ રૂપીયાની જરુર હોવાથી ડેબીટ કાર્ડ લઈ સેકટર-૧૦ એસબીઆઈ બેંકની મુખ્ય બ્રાંચના એટીએમમાં પૈસા ઉપાડવા માટે ગયા હતા.

જયાં એટીએમમાં મશીનમાં ડેબીટ કાર્ડ નાંખીને પૈસા ઉપાડવા જતા રૂપીયા ઉપડયા ન હતા. જેથી તેઓની પાછળ લાઈનમાં રહેલા શખ્સે જણાવ્યું કે એટીએમ મશીનમાં પૈસા નથી, તમારૂ ડેબીડ કાર્ડ મને આપો, હું બાજુના એટીએમ મશીનમાંથી પૈસા ઉપાડવામાં મદદ કરુ. જેથી કનુભાઈ પંડ્યાએ તે યુવક પર વિશ્વાસ મુકી ડેબીટ કાર્ડ આપ્યું હતું. ત્યારબાદ યુવકે એટીએમની પ્રક્રિયા હાથ ધરી પૈસા ઉપાડવા માટે પીન નંબર નંખાવ્યો હતો.તેમ છતા પૈસા ઉપડ્યા ન હતા. ત્યારે શખ્સે પીન નંબર ખોટો છે કહીને કનુભાઈને કેડીટ કાર્ડ પરત કર્યું હતું. જયારે કનુભાઈ બેંકની બ્રાંચમાં પૈસા ઉપાડવા માટે ગયા હતા. જયાં ફરજ પરના કર્મચારીને કાર્ડ આપતા તેણે બેંક ઓફ બરોડાનું કાર્ડ હોવાનું જણાવ્યું હતું.આ સાંભળીને કનુભાઈ તાત્કાલીક એટીએમ બંધ કરાવવા માટે મેનેજર પાસે પહોંચ્યા હતા. તે દરમિયાન તો તેમના એકાઉન્ટમાંથી તબક્કાવાર ૧૪ હજાર ૬૦૦ ઉપડી ગયા હતા. અજાણ્યા યુવકે મદદ કરવાના બહાને એટીએમ કાર્ડ બદલી નાંખી રૂપીયા ઉપાડી લઈ અજાણ્યા શખ્સે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા કનુભાઈએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# સિનિયર સિટીઝન કલબ ગાંધીનગર બર્થડે ગ્રુપ દ્વારા વડીલોનો ૧૯મો સમૂહ જન્મદિવસ ઉજવાયો

ગાંધીનગર,તા.૨૨

પંચવટી રેસ્ટોરન્ટ ખાતે અખાત્રીજ ના પવિત્ર દિવસે ૪૨/૮૪ કડવાપાટીદારના ૧૫૦થી વધુ ભાઈ બહેનો જન્મદિવસની ઉજવણીમાં ઉત્સાહ પુર્વક ભાગ લીધો વડીલોનો સમૂહ જન્મદિવસ એક અનોખી શાસ્તોકત વિધી મુજબ દીપ પ્રાગટ્ય અને શાલ ઓઢાડી વડીલોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું આ પ્રસંગે નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના કન્વીનર અને વક્તા ડો .અનિલ ભાઈ પટેલે અખાત્રીજ અને વિશ્વ ધરતી દિવસ નું વિશેષ મહિમા અને અગત્યતા વિશે ઉદાહરણો સહિત સુંદર પ્રાસંગીક પ્રવચન આપ્યું હતું સમગ્ર કાર્યકમનું સફળ આયોજન અને સંચાલન કલબના કન્વીનર રમણભાઈ પટેલ નટુભાઈ પટેલ સુરેશભાઈ પટેલ નટુભાઈ પટેલ સુરેશભાઈ પટેલ અને અરવિંદ ભાઈ પટેલ સંભાળ્યું હતું અંતમાં સર્વે વડીલો એ સ્વાદીષ્ટ ભોજન લીધું હતું

ટચૂકડી જાહેર ખબર
મકાન ભાડે આપવાનું છે
1 Room, 3rd Floor
Plot No. 6602/2, Sector-3C, Gandhinagar
Only Girls.
One & Two Person
M. 7016998927